To paint the fire, so as to give a vivid representation of it in all its manifold aspects, I think is well nigh impossible. But in order to appreciate all the difficulties of painting the fire, let us see how the painting of a growing leaf has defied the attempts of the best of the Masters. "For as in every group of leaves some are side ways, some foreshortened, some crossing each other, every one differently turned and placed on the others, the forms of the leaves though in themselves similar, give rise to a thousand strange and differing forms in the group; and the shadows of one passing over the others, still further disguise and confuse the mass, until the

eye can distinguish nothing but a graceful and flexible disorder of innumerable forms, with here and there a perfect leaf on the extremity or a symmetrical association of one or two, just enough to mark the specific character and to give unity and grace, but never enough to repeat in one group what was done in another."* Hence Ruskin's sarcastic advice to presumptuous young painters :—"Paint the leaf as they grow! If you can paint one leaf you can paint the world." Add to such physical difficulties the spiritual mysteries of fire, and the task of painting it is sure to put even Titian or Turner to thoughtful trouble. Every aspect of fire is so closely connected and mixed up ; there is such a variety in its perfect unity. Look at the beam and the smoke

* Ruskin's "Modern Painters."

is lost, look at the smoke and the spark is gone, look-at the spark and the colour has vanished, look at the colour and its light has disappeared, look at the light and its life and spirit have fled, look at its life and spirit and its truth and moral are forgotten ; meditate on its truth and moral and the whole will be "confusion worse confounded." Thus even the noblest Masters, who had an insight into most things and whose capacity knew no bounds, seem to have given up the attempt of painting fire in utter despair. In all the six masterly volumes of Ruskin's "Modern Painters," we do not find one word or even a stray hint about fire, when almost all conceivable objects under the sun have been touched and treated exhaustively. Amongst the later painters "The Fire of London by Stanhope Forbes, R. A., is

the best attempt at painting fire. His fresco at the Royal Exchange deserves at least a passing attention, for the painter here has strained every nerve to attain the unattainable. Fred. Walker's "Vagrants," Blominer's "At The Fire Side," and other similar productions by known and unknown hands are only but an effort "to paint the soul."

Such are some of the aspects of our Holy Fire, the Symbol which Zarathustra in his great wisdom conceived to be the highest and the holiest and the most worthy of adoption. And while we offer through its medium our homage to the Maker of all things, let us remember that we are invoking the Infinite by the help of a symbol, which, pure, purifying, and awe-inspiring, is the very essence of the Divine.

"Yea, I conceive Thee mighty,
Ahura mazda,
When aids Thine hand hath nurtured close appear,
Aids which as rewards Thou'lt
give for good or evil,
Thy Fire's flame therewith, the
strong in Justice,
And when to me Thy Good
Mind's strength draws near."

Yasna XLIII
Mill's Gathas.

આપણા

પવીત્ર આતશ.

રચનાર:

જમશેદજી દાદાભાઈ શરાફ.

રૂસ્તમ ન. વાચ્છાગાંધીઍ સાંજ વર્તમાન
પ્રેસમાં છાપ્યું. નાં૦ ૨૨–૨૪–૨૬,
મીન્ટ રોડ, કોટ, મુંબઈ.
જમશેદજી દાદાભાઈ શરાફે રોઠના બીલ્ડીંગ,
ઠાકોરદવાર, મુંબઈ મધે પ્રગટ કીધું.

૧૯૧૫.

સાંકળિયું.

અર્પણપત્રીકા.

પરવરદેગારે જેને મારી હંમેશગીની ભાગ્યણ બનાવવાની મેહેરબાની કીધી છે તેને હું આ મારી નમ્ર કોશેશથી તઇયાર થયલું પુસ્તક અર્પણ કરૂં છું: લગ્નને હું એક એવું ચિન્હ સમજું છું કે જેની મારફતે ખોદાનો અણદીઠ હાથ ખુલ્લી રીતે પરખાઇ આવે છે; કારણ જેમ Positive and Negative (એકેકથી ઉલટાં તત્વો) સાથે મળે તોજ વીજળી પેદા થાય તેમ, કાંઇબી સ્પષ્ટીકરણ થવા અગાઉ મરદ અને સ્ત્રીએ એક બીજા સાથે જોડાવું જોઇએ. સ્પષ્ટીકરણ વગર પુરૂં સુખ અથવા જ્ઞાન મળતું નથી, એટલા માટે કુંવારાપણાનો અર્થ માત્ર અરધું જ્ઞાન અને જીંદગીનું અરધું સુખ થાય છે. વળી લગ્ન, કુંવારાપણું અને અધરમી વહેવાર એ વચે મુળ તફાવત એ છે કે લગ્નનું કામ ધર્મને અનુસરતું કાર્ય કરવાનું તથા ઉત્ત-પતી કરવાનું છે જયારે કુંવારાપણા તથા બાકીનાં બીજાં લક્ષણોમાં અધરમીપણું, આળસાઇ અને નાશ સમાયલાં છે. અહુરમઝદની સાથે ધર્મ અને ઉતપતી જોડાયલાં છે, જયારે અહેરેમન સાથ આળસાઇ અને નાશ તાલુકો ધરાવે છે.

ઓ અહુરમઝદ તારાં નામ ઉપર ત્રણ વાર આફરીન હોજો!

જ. દા. શ.

તા૦ ૧૪-૨-૧૫.

પ્રસ્તાવના.

છેલ્લી પા સદીથી વધુ મુદત થયાં આ બોહલા મુલક મધેની બીજી કોઇબી કોમ કરતાં આપણી કોમમાં પશ્ચિમના આચાર વિચારોનો એક મજબુત રોહ દાખલ થતો જાય છે અને આપણી લાંબા વખતની તવારીખમાં આપણે હાલ એક એવા તબક્કા ઉપર આવી ઉભા છીયે કે જે જેટલો ખુશકારક તેટલોજ દહેશતભરેલો છે. કેળવણી તથા સુધારાના બે પ્રબળ ઝરાઓને સાથે સાથે વહેતા આપણે જોઇયે છીયે. આપણી કશાબી કલંક વગરનો ઉજવળ જરથોસ્તી રીતભાત જેનો પાયો આપણા પુરાણા ધર્મ ઉપર રચાયલો છે, તેની ખુદ હઇયાતી સાથેજ આત્મીક ઉમેદો જોડાયલી છે અને બચ્ચાંઓનો જનમ તથા નવજોત, આપણામાં થતાં લગન તેમજ મરણના પ્રસંગો ધાર્મીક વીચારો તથા ગુપ્ત ક્રીયાઓ સાથ ગુંચળાંની માફક જોડાઇ રહેલા છે એટલુંજ નહીં પણ આપણી દરરોજની જીંદગીના બનાવો સાથ પણ તે

જોડાઇ રહેલા છે; આ પુરાણી રાહરસમ જે હવે હજારો વરસની જુની થઇ છે અને જેને અગાઢ આત્મીક ખ્યાલોથી એક ખડકના જેવી નકર બનાવવામાં આવી છે તેની સાથ પશ્ચિમના સુધારા અને પશ્ચિમના આચાર વિચારોનો મજબુત પ્રવાહ ભેલાવા લાગ્યો છે. એ તો ખુદરતી છે કે આપણા આચાર વિચારોના આ બે જુદા જુદા ફાંટાઓના સાથે જોડાવાથી આપણી કોમમાં જે બનાવો શાંતીથી પસાર થતા હતા તેમાં થોડોક વખત સુધી ખલલ પુગવી જોઇયે અને અસલી ઇરાની આચાર વિચારોના શાંત પ્રવાહ સાથ પશ્ચિમની કેળવણીનો વધારે મજબુત રોહ અડડવાથી કાંઇક ગભરાત પેદા થવો જોઇયે અને જે ઠેકાણે આ બંને જુદા જુદા પ્રવાહો એકઠા મલે ત્યાં વા વીઝોડું, ભારે તોફાન, મોજા, અને ગડબડ ધોંધાટ થવોજ જોઇયે. જેઓ અસલી આત્મીક આચાર વિચારોને ચીવટાઇથી વલગી રહેલા છે તેઓ તથા હાલના કેળવાયલા વીચારો તરફ મજબુતીથી દોરવાઇ ગયલાઓ વચ્ચે અડડામણ થવીજ જોઇયે. આપણા અસલી આચાર વિચારોનો પાયો જીંદગીનાં અસ્તીત્વ વીષે ઘણીજ

દુરઅંદેશીથી રચવામાં આવ્યો છે એમ જેઓ ખાતરી સાથ માને છે તેઓ પોતાની કોમમાં પશ્ચિમના આચાર વિચારોનો યાહોમ પ્રસાર કરવાથી આપણા બુલંદ ધરમનો પાયો નબળો થવાની તથા અસલી જરથોશતી ધરમની ખુબીઓ તથા ખાસીયતોનો જલદીથી અંત આવવાની ધાસ્તીથી તેની સામે થાય એ તદન કુદરતી છે. આ બંને પ્રવાહો કોમને અનુકુળ થાય એવી રીતે જોડાઇ જાય અને અસલી જરથોસ્તી આચાર વિચારોને પગ તળે કચડી નહીં નાખે તથા તેને બદલે પશ્ચિમનો નકલ્યાત સુધારો દાખલ થવા નહીં પામે તે જોવાને તેઓ ઘણા આતુર રહેવા જોઇયે. આપણા જરથોસ્તી ધરમમાં એવો પાખંડી સુધારો આમેજ કરવાની કોશેશ કરવાથી તેનાં પરીણામો ઘણાં નાશકારક તથા ધાસ્તીભરેલાં નીપજશે એમ એવા નકલી સુધારાવાલાઓને સમજાવવાને તેઓ ઘણા આતુર હોવા જોઇયે.

વળી જયારે આપણે જોઇયે છીયે કે પશ્ચિમની કેળવણીનાં પુરેપુરાં ફલ ઘણા થોડાઓએજ ચાખ્યાં છે ત્યારે બાકીના ઘણાઓ એવા છે કે જેઓ પશ્ચિમની

કેળવણીની ખરી ખુબીઓ પીછાનવાને બદલે દુન્યામાં હાલ રાજકરતી કોમોની ચકચકતી રીતભાતોથી અંજાઇ ગયા છે, ત્યારે મામલો વધારે ને વધારે મુશકેળ થઇ પડે છે. યુરોપીયનોની રહેવા વસવાની રીતોનું વગર જરૂરે અનુકરણ કરવું તથા પશ્ચિમની દરેક ચીજ તે પશ્ચિમની છે તેટલા માટેજ સઉથી સરસ છે એવો લાંબી સમજ વગરનો ખ્યાલ તથા પશ્ચિમની ઘણીક બદીઓને પોતામાં આમેજ કરવી અને આપણા માનવંત ધરમનો અરથ તથા તેની ઉંડી મતલબ સમજવાની કોશેશની કોતાહી એ સઘળાં કારણોએ વખતના બદલાવા સાથ ઘણીક મુશકેલીઓ ઉભી કીધી છે: પણ જો પશ્ચિમની કેળવણીની ખરી ખુબીઓ તથા તેમાં જે ઘણી ખામીઓ રહેલી છે તે પીછાણવાની સાથે સાથે આપણી આત્મીક ફીલસુફીના અગત્યના મુળ કાનુનોની ખરી માહીની મેળવવાની તજવીજ થઇ હતે તો એમ બનતે નહીં. પશ્ચિમના સુધારાની ઉપર ઉપરથી નકલ કરવાની જે અભાગણી વલણ હાલ ઉતપન થઇ છે તેને બદલે ત્યારે આપણે આપણા અસલી ઇરાની સુધારાની સાથે બંધબેસતી થાય

એવી યુરોપીયન રહેણીકરણીની રીતો આમેજ કીધી હોત. યુરોપીઅન ટ્પ ઉપર પોશાક પેહેરવાની તથા વાતચીત કરવાની અને બીડી પીવાની તથા જુગાર ખેલવાની અને આપણા પશ્ચિમના ભાઇબંધોના વીચારો ઉછીના લઇ તેમની માફક બંદગી વગેરે કરવાની વલણ જે આપણી કોમની નાબુદી કરવા જેવી છે તેને બદલે આપણે ત્યારે આપણી અસલી દેશાચાલ (નેશનેલીટી) જાલવી રાખવાની ઇચ્છા ધરાવતે એટલુંજ નહીં પણ પશ્ચિમના આપણા પાડોશીઓએ વીચાર આચારનો જે ખજાનો આપણી સનમુખ ધરયો છે તેથી તેને વધારે ઉમદા સ્થીતીપર લાવ્યા હોત. લાંબા વખતથી માન પામતા આવેલા આપણાં ધરમનાં ફરમાનો તથા રહેવા વસવાના રીવાજો તરફ આપણા પશ્ચિમની રૂઢી અખત્યાર કરવા માંગતા સુધારકો જે બેપરવાઇ હાલ બતાવે છે તેને બદલે આપણે યુરોપના ઉમદા સુધારાની મદદથી તેને વધારે શ્રેષ્ટ અને વધારે ઉમદા બનાવી શકયા હોત.

એટલા માટે મી૦ શરાફ જેવા એક કેળવાયલા અને બાહોશ પારસી ગ્રહસ્થ પોતાનો વખત તથા મેહેનત આતશનું ધ્યાન કરવા પાછલ રોકે છે તે જાણીને ખુશાલી પેદા થાય છે; આતશ કે જે હદવાળા અને અણહદ વચ્ચે એક સાંકળ સમાન છે તે માનવંત ચીન્હ આત્મીક વિચાર અને મીનોઇ જ્ઞાનથી ભરપુર છે. આ કારણો માટે એ ઘણું આનંદદાયક છે કે, આતશ કે જેને જરથોસ્તીઓ જમાનાઓ થયા પવીત્ર ગણે છે અને તેની સેતાયશ કરે છે તે આતશનાં પ્રતીરૂપનો પશ્ચિમની રૂઢીએ અભ્યાસ કરી તે સાથ પુરવની રીત મુજબ મનન કરી એ બંનેનું ભેગું પરીણામ તેવણે આપણી હજુર ધરયું છે. આ પરીણામ એક વાંચવાલાયક પુસ્તકના આકારમાં ઉપજયું છે કે જે પુર્વના મનન કરનાર વરગને તેમજ પશ્ચિમના કેળવાયલા વરગને એકસરખી રીતે આનંદ તથા જ્ઞાન આપશે. મી૦ શરાફ આતશનું ધ્યાન કરવાથી આત્મીક રોશની મેલવવાને સામરથવાન થયા છે અને મને ખાતરી છે કે સઘળા વીચારવંત જરથોશતીઓ તેવણની આ ઘણી તારીફલાયક કોશે-

શને દીલોજાનથી આવકાર આપી તેની આભાર સાથ કદર બુજશે.

સાકાર આતશ કે જે બહારની દરેક ચીજને સ્વચ્છ કરે છે તે ઉપરથી માણુસના વીચારો ખુદરતી રીતે આત્મીક આતશ તરફ જાય છે કે જે આત્મીક આતશનું કામ માણુસનાં મનને સ્વચ્છ બનાવવાનું છે, સઘળી અપવીત્રાઇને બાળી નાખવાનું છે અને પોતે પાક બની નાચીઝ ઇનસાનને એક પવીત્ર સોશયંત, એક સર્વોત્તમ સ-તા કે જે "જીંદગી અને મોતને પોતાના મજબુત હાથમાં સમાવી શકે" તેવો બનાવવાનું છે. એક પવીત્ર જરથોશતીની ફરજ આતશબેરામમાં પરથાવેલા બહારના રોશન આતશની સેતાયશ પરથી તેનાં દીલના ભાતરમાં રોશની આપતા આતશ ઉપર હમેશાં ધ્યાન આપવાનું અને બહારના આતશની રોશનીથી પોતાનાં તનને પાક કરવા પછી આત્મીક આતશથી—જે ખરેખર અહુરમઝદનો "પુત્ર છે"—તેનાથી પોતાનાં મનને સાફ કરવાની—અને એ મુજબ રોશની અને કીર્તીના તે સાહેબ "અપોરવીમ"—કે જેની પાછળ કોઇ હસ્તી ધરા-

વતો નથી તેમાં એકતાર થઇ જવાની છે. પવીત્ર ગાથાઓમાં સાચું કહેલું છે કે, "જેઓ પોતાનાં કામોથી, પોતાની અશોઇથી, પોતાની સચ્ચાઇથી અને પવીત્ર મનની બંદગીથી, ઓ મઝદા, તુંને પોતાનો માલેક ગણે છે, જેઓનો મુખ્ય ભોગ્યો તુંજ છે, ઓ અહુર, તેઓ પોતાનાં તેજથી સેવટે તારામાં એકતાર થઇ જશે."

હું ખરાં દીલથી ભરૂસો રાખું છું કે મી૦ શરાફ પોતાનું આ વખાણવાલાયક કામ આગળ ચાલુ રાખશે અને પોતાની તારીફલાયક મેહેનતનું પરીણામ પોતાના ભાઇબંધો હજુર ધરવાને શકતીવાન થશે કે જેથી જરથોસ્તીઓને ઘણો લાભ થવા સાથ તેઓ ઉંચે તબકકે પોંહચી શકશે. હું દીલોજાનથી ઇચ્છું છું કે મી૦ શરાફના જેવા બીજા ઘણા અભ્યાસીઓ આપણી કોમમાંથી નીકળી આવે કે જેથી ઇરાનીયન તથા યુરોપીયન "કલચર"ના બે જુદા જુદા પ્રવાહો ભેગા થાય અને તેનું પરીણામ નાશકારક નકલીઆતમાં નહીં પણ અનુકુળ વધારામાં આવે.

જાં. જ. ચીમાદલાલ.

"ખુદરતની સઘળી પેદાયશોમાં હું વ્યાપક છું અને મારાં કિરણો વડે તેમનુ રક્ષણ કરૂં છું."

ભગવદ ગીતા.

તમો કાન વડે સાંભળો;
શ્રેષ્ટ મનથી તમો આતશના સોળાને નિહાળો;
તમારે પોતાને માટે યકીન તમો નવેસરથી ગોઠવો,
તમો પોત પોતા વચ્ચે તેનો ફેસલો કરી લેઓ;
તે મહત્વનું કાર્ય તમારી નજદીકમાં છે.
આ અમારો બોધ તમો સાવધ થઇને સાંભળો.

યસ્ન ૩૦.

"મીલ્સના ગાથા."

"જે કોઇ મારી મીલકતને બગાડે છે અને મારા આતશ (આતશના કેબલા) સનમુખ પગે પડીને મારી પરશતેશ કરતો નથી, તેના બદલામાં તેનાં બદનને પણ તેવીજ રીતનો બગાડ પોંહચશે. ઓ મઝદા! દરેક સારી સિદ્ધીઓથી તેને બાતલ રાખવામાં આવશે પણ સઘળી દુષ્ટ સિદ્ધીઓ તેને આવીને વળગશે!"

ગાથા ઉસ્તવઇતી.

હાઉગસ "એસેસ ઓન ધી પારસીસ."

પ્રકરણ ૧ લું.

આત્મિક ખુશાળી.

સઉથી ઉતરતા પ્રકારની ખુશાલી તે શરીરની ખુશાલી છે, જે એક પુલની માફક ઝડપથી કરમાઇ જાય છે અને જે ઉતાવળે ધુળમાં મળી જાય છે, તે હેવાનોની ખુશાલી છે. તે શારીરીક સંતોષ આપે છે અને માણસને ઉંચા ભુવન ઉપર ચહડતું અટકાવે છે.

ચહડતા પ્રકારની ખુશાલી તે જ્ઞાનની ખુશાલી છે. એ ખુશાલી માટેની ભુખ જેની ઉપર છે, તે સંતોષ પામે છે એટલુંજ નહીં પણ તે સદા વધતીજ જાય છે, અને માણસે થોડુંજ થયું અમર આત્માઓની સાથે તેનો લાહવો ચાખવા માંડયો છે. ભગવદ ગીતામાંથી શ્રી ક્રીશણની સુંદર ફીલસુફીને તેના અદભુત તત્વોથી આપણે

જો છુટી પાડયે તો આપણને માલમ પડશે કે તે અરજુનને ફકત બુધ્ધી શીખવવાનો આગ્રહ કરે છે. એ રીતે ખુદરતનું જાહેર થયલું પ્રકતીકરણ અને તેની અગણીત ખુશાલીઓ જે ફરેસતાઓ એક હાથ કરી બેઠા હતા તેમાં તેઓની સાથે માણસ જાતનો હીસ્સો પડયો છે. વળી માણસ હવે તેની હંમેશગી અને અપાર શકતીનો સ્વપનો જોતાં શીખયો છે, અને તે દેહશત અને માનની લાગણીથી કીરતારને શરણે ગયો છે, તેને નમ્યો છે, અને તેની પુંજા કીધી છે, અથવા તો બેઅદબ તથા અભીમાની બન્યો છે અને તેને તરછોડી ગયો છે.

છેલ્લી આત્મીક ખુશાલી છે, જે સઉથી ચહડતા પ્રકારની છે, અને સઘળા પ્રકારની ખુશાલીઓમાં ઉતમ છે, જેને તે મહાજ્ઞાનીએ "Sandosham, Sandosham,

eppotham" તરીકે ઓળખાવેલી છે. એ આકાશી ખુશાલી મેળવવા માટે ચેલાએ પોતાનું ચીત એવા તો નીરંતર ભકતીભાવથી એકાગ્ર કરવું જોઇએ કે જેથી તે ધીમે ધીમે સમાધીમાં દાખલ થવા પામે. તે સમાધીમાં જેમ વધુ દાખલ થાય છે તેમ જાતી ભાન ઓછું થતું જાય છે, અને આયંદે તે પોતાને તેમજ પોતાની આસપાસની દરેક ફલતી ચીજોને તદન ભુલી જાય છે. વખત અને અંતર અલોપ થવા માંડે છે અને તે ફકત સંબંધ ધરાવનારા શબ્દો સરખા થઇ પડે છે, તેની તથા તમામ જીવદાર અને મુરદાલ પેદાએશો વચ્ચેનો ફરક તદન નાબુદ થઇ જાય છે, અને તે પછી હંમેશગીના વર્તમાનકાળની નહીં સમજ પડે તેવી કીર્તીનો પડછાયો તેની ઉપર પ્રગટી નીકળે છે, ભુત અને ભવીષ્ય-કાળ એ સઘળું હંમેશગીના વર્તમાનકાળમાં

મળી જાય છે, છેટો અને અંતર એ સઘળું એક નહીં વેહેંચી શકાય તેવી અનંતકાળમાં ગરક જાય છે, તે પોતાનું એક પગલું કાશમીરમાં તથા બીજું કોલંબોમાં જોય છે, નાતજાત અને ધર્મનો તફાવત તેને હસ્તી નહીં ધરાવતો લાગે છે અને તેનું નાનકડું ઇશ્વરી ભાન સર્વવયાપક તથા સાર્વલોકીક ભાનમાં મળી જાય છે, અને તે પછી તેને માહાર તથા બ્રાહ્મણ એ એકજ છેડા વગરની સાંકળના ફકત જુદા જુદા સાંધાઓ લાગે છે. તે પછી તેને તે "નીરવાણ" સરખી ખુશાલી હાંસલ થવા માંડે છે જે સંપુર્ણ આસાએશ અને સુલેહશાંતી બક્ષે છે અને જે એક વખત હાથ કીધા પછી કદી પણ ગુમાઇ જતી નથી. સઘળા માહાત્માઓ, રૂશીઓ, જ્ઞાનીઓ અને પેગમબરોએ તે પોતાના જમાનાઓમાં હાંસલ કીધી છે, અને ભારે વખાણના શબ્દોમાં તેને

કીર્તીવંત બનાવી છે. એ પ્રમાણે પેગંબર બુધે અંજીરનાં ઝાડ નીચે દીવસો સુધી સમાધીમાં બેઠા પછી દયા, સુલેહશાંતી, પ્યાર, સદગુણ, અને ખુશાલીના પોતાના કાયદાઓ લોકોને જાહેર કીધા હતા, અને જરથોશ્ત સાહેબે પોતાના જમાનામાં આતશનાં કીરણો ઉપર મનન કીધા પછી મઝદાના ડહાપણ ભરેલા સખુનો, અહુરની સ્તુતી અને ભલા આત્માના ભજનો તથા જે સર્વોપરી સચ્ચાઇ તેણે પવીત્ર બળતાંઓમાંથી બાહેર પડતી જોઈ હતી તે મીજલસને કહી સંભળાવી હતી. “તેથી તમો ખુદરતના આત્માને સાંભળો, ઘણાં પવીત્ર મનથી આતશનાં કીરણો ઉપર મનન કરો ! દેવ અને અહુરના ધર્મ વચ્ચેથી મરદો અને ઓરતો બંનેમાંથી દરેક જણે આજે પોતાનો ધર્મ પસંદ કરવો જોઇએ. કીર્તીવંત બાપદાદાઓના ઓ તમો ફરજંદો અમારી સાથે મળતા થવાને જાગરૂત થાવો

કે જેથી તમોને તે આ પળે આપવામાં આવે."* જરથોસ્તે તે પછી પવીત્ર બળ તાંઓ મારફતે પોતાને બશારતથી રોશન થયલા સખુનો જાહેર કીધા. આતશના પવીત્ર કીરણોમાં તેણે ભલાઇ અને બુરાઇનાં જોડકાનું મુળ જોયું અને પોતાના સાંભળનારાઓને ભલાઇ પસંદ કરીને બુરાઇને તરછોડી કહાડવાને આગ્રહ કીધો. આ ઉપરથી આપણને માલમ પડે છે કે આપણને સર્વથી ઉત્તમ આત્મીક સુખ મેળવવાને ૩૦ મી યસતમાં " આતશના પવીત્ર કીરણો ઉપર દરયાફત કરવાનો" આપણા મહાન પેગમબર જરથોસત સાહેબે ખાસ આગ્રહ કીધો છે.

---

* હાગસ એસેઝ.

પ્રકરણ ૨ જું.

આતશનાં કીરણો.

આતશના એ કીરણો ઉપર જયારે પરેજગાર મનથી મનન કરતાં કરતાં નજર દોડાવવામાં આવે છે ત્યારે તેઓ વીચાર અને મનન કરવા માટે પુરતો આત્મીક ખોરાક પુરો પાડે છે. એ પવીત્ર કીરણનું દરેક સ્વરૂપ લોકોને આપવા માટે પોતાનો ખાસ ખુદાઇ પેગામ ધરાવે છે અને બીજી જે કાંઇ ચીજ મારફતે માણસ પોતાના ખોદા સાથે સંબંધ રાખી શકે તેવી કોઈ પણ વસ્તુ કરતાં તે આપણને આપણા ખોદાની વધુ નજદીકમાં લઇ જાય છે. માણસ ફકટ ખાકી જ્ઞાન ધરાવતું હોવાથી તેની પાસે કાંઇ એવું ચીનહ હોવું જોઇએ કે જે મારફતે તે પોતાના પેદા કરનારનો

ઉંચામાં ઉંચો પ્રકાશ જોઇ શકે. દરેક મોટો ધર્મ પોતાનું ચીનહ ધરાવે છે, જે મારફતેજ તે પાળનારાઓ ખોદાનો પ્રકાશ ખુલ્લી રીતે જોઇ શકે છે. તે આ જગમાંનો ક્રોસ અથવા ઇશ્વરી નવા ચંદ્રની આકૃતી હોય, ખોદાઇ કમળપુલ અથવા પવીત્ર આતંશ હોય, પણ ખરી આત્મીક માહીતી મેળવવા માટે માણસની સનમુખ કાંઇ સ્થુળ વસ્તુ હોવી જોઇએ. ભગવદ ગીતામાં વતીક આપણે શ્રી ક્રીશણાને અરજુનની લાચાર માનસાઇ શકતીઓને આત્મીક આંખોની મદદ આપતા, અને પોતાના અવતારનાં જુદાં જુદાં ઇશ્વરી સ્વરૂપો તેને જોતો કરતાં દેખયે છીએ. "પણ તારી આ ખાકી આંખોથી જોવાને તું અશકત હોવાથી હું તને ઇશ્વરી આંખ આપીશ જે મારફતે મારો ખોદાઇ સંબંધ જોજે." અરજુન કે જેને શ્રી ક્રીશણાએ માણસ જાતની તમામ તવારીખ

સુધારી નાંખવાનું કામ સોંપ્યું હતું તે મજકુર આંખને લાયકનો હતો. "તે મહાન કીરતારનો અજાએબ જેવો પ્રકાશ રાબેતાના ઝળકાત કરતાં એક હજાર ઘણા વધુ ઝળકાતથી આકાશમાં ઉગતા સુરજ સાથે સરખાવી શકાય." એ રીતે અરજુન ખોદાઇ આંખથી તે કીરતારનો ઇશ્વરી ચેહેરો જોઇ શકયો હતો, અને તેને તે ચળકાત તથા આતશનો નહીં ધારી શકાય તેવો મહાન ગોળો માલમ પડયો હતો. એ રીતે સઉથી પુરાણા આર્યન સાહીત્યમાં વતીક ખોદાને સુરજ સાથે સરખાવ્યો છે જે **આતશનો** બળતો ગોળો છે.

હવે આપણે આપણા ઇશ્વરી પેગામ ઉપર આવીશું, જે આપણને ફરમાવે છે કે "આતશનાં કીરણો ઉપર ઘણાં પરેહજગાર મનથી દરયાફ્ત કર." સહેજ વીચાર કરતાં આપણને માલમ પડશે કે પવીત્ર

આતશ ઉપરજ આપણે આપણું સઘળું ધખધયાન રોકી નહીં રાખયે, તો કીરણો ઉપર આપણે ગમે તેટલો લાંબો વખત મનન કર્યા કર્યે તોબી તેમાંથી આપણને કાંઇબી આત્મીક ખયાળ આવે નહીં. મહાન ઉસ્તાદ ચીતારાઓનાં સઘળાં ચીત્રોંમાં એકાગ્રતાના એ કાયદાને હુંમેશાં પવીત્ર લેખવામાં આવેલો આપણે જોઇએ છીએ. દાખલા તરીકે પવીત્ર મેરીનાં ચીત્રમાં એ સતીનાં બદનને જો એવા ખુબીદાર કરચલીવાળાં નાજુક પડો સાથના પોશાકથી શણુગારવામાં આવે, અથવા તેની આજુબાજુમાં એવો મોહ પમાડનારો દેખાવ ચીતારવામાં આવે કે જેથી એક પળ પણ આપણું ધ્યાન ચીત્રમાંના ખુદાઇ ચેહેરા ઉપરથી બીજી તરફ ખેંચાય, તો તેજ પળે આખાં ચીત્રની કારીગીરીની ખુબી જતી રહે, કારણ કે મજકુર ચીત્રની સઉથી અગત્યની ખુબી

જે તેના ચેહેરાપર જોનારનું ચીત એકાગ્ર કરનારી હોવી જોઇએ તે નાબુદ થઇ જાય છે. તેમજ જો આપણા પવીત્ર આતશને તેની ઉપરજ આપણું ચીત એકાગ્ર થવા પામે તેવી જગયાએ જો રાખવામાં નહી આવે તો આપણા પેગંમબરના પેગામની તમામ અસર નાબુદ થવા પામે.

આપણાં સઘળાં આતશબેહેરામોમાં મકાનની ચોતરફ બાહેર વરંદા હોય છે, કે જેથી બાહેરનો પ્રકાશ તથા ઘોંઘાટ થોડેક દરજજે નાબુદ કરી શકાય છે. એ વરંદાની અંદરની બાજુએ એક મોટો હોલ હોય છે, જેથી ઝળકાત તથા ગડબડ વધુ નરમ પડે છે. તદન વચમાં પવીત્ર આતશ રાખવામાં આવે છે, જે આપણા ઇતીહાસીક ભુતકાળ અને આપણા આશાવંત ભવીશકાળને જોડનારી આત્મીક સાંકળ છે. અહીં આપણે

પવીત્ર આતશને હમેશાં બળતો, અને પોતાનાં બળતા નીત્ય આકાશ ભણી ચડાવતો જોઇએ છીએ. હવે વરંદામાં અથવા મધ્ય હોલમાં એક પણ તેજસ્વી બતી રાખવામાં આવે તો સઘળી હુન્નર મંદીની ખુબી તદન નાબુદ થઇ જાય. દરેક બંદગી કરનારનું ચીત એકાગ્ર કરનારૂં સાધન જે આતશ છે તે બદલાઇ જાય; બંદગી કરનારનું ધયાન આતશના પ્રકાશ-પરથી બતીની રોશનીપર ખેંચાય અને તેથી આતશ પર ચીત એકાગ્ર રહી શકે નહીં. એ રીતે હુન્નરની નજરે જોતાં આતશબેહેરામની અંદર વીજળીક અથવા બીજી કોઈપણ તેજસ્વી બતી મુદલ રાખવી જોઇએ નહીં.

આપણા અશો જરથોસ્ત સાહેબના પેગામ ઉપર પાછું મનન કરતાં આપણને

એવું ફરમાન આપવામાં આવેલું માલમ પડે છે કે આતશના ફકત બાહેરના દેખાવ ઉપરજ દશ્યાફ્ત કરવો નહીં, પણ તેના ખુદ ભીતરના આતમાની અંદર ઉતરવું. હુવે આતશ સઘલી ગલીચીનો નાશ કરવાનો ગુણ ધરાવવા માટે જેમ જાણીતો છે તેમ સઘળા પાપી વીચારો નાબુદ કરવાનો આત્મીક ગુણ પણ તેની અંદર હોવોજ જોઇએ. દેવતા વીશણુના છઠા અવતાર પરશુરામે જયારે જોયું કે તેનાં દુનયાઇ કામોની જંજાલોમાંથી રીવાજ મુજબની ધર્મક્રીયાથી તેને છોડવનારો કોઇ પણ બ્રાહમણ નથી, ત્યારે દરયામાંથી ઘસડાઇ આવેલી ૧૪ જંગલીઓની લાશો તેણે કીનારે ખેંચી કાહાડી, અને ચેહ ખડકીને તે બાળી નાખી, અને તે પછી તેઓની રાખમાં જાન મુકીને તેઓને બ્રાહમણો બનાવ્યા. એ નવા બનાવેલા

બ્રાહમણોને તેણે ચીપતાવન બ્રાહમણોનું નામ આપ્યું, જેનો અર્થ આતશથી સ્વચ્છ બનાવેલા એવો થાય છે.

જે બંદગી કરનાર પસ્તાવો કરવાને આવે છે તે આતશબેહેરામના જુદા જુદા દરવાજાઓમાંથી પસાર થતાંજ આતશ આગળ જઇ પુગે તે અગાઉ લગભગ અર્ધો ચોખ્ખો થાય છે. આતશબેહેરામની બાહેરની દુન્યા તેને અપવીત્ર બનાવતી હતી, જયારે આતશબેહેરામની અંદર બગીચાની લીલોતરી, ગડબડ ઘોંઘાટની ગેરહાજરી, વરંદામાંનો નરમ પડેલો પ્રકાશ, અને હોલની અંદરની ચુપકીદી તેને પવીત્ર બનાવે છે, અને આતશની નજદીકમાં તુરત વેળા તે પોતાનાં સઘળાં પાપો પરથી હાથ ઉઠાવે છે, તેના પાપી વીચારે તુરત વેળા નાહુસી જાય છે, અને સર્વે ચીજોને પવીત્ર કરનારા એ આત્મીક તત્વ નજદીક તે પરેહજગાર તથા નીરદોશ બનીને ગુઠણ મરડયે પડે છે.

પ્રકરણ ૩ જું.

આતશનો કેબળો.

અહીં બુરી શકતીનું જોર ફાવતું નથી. આપણે બે તળવારો મ્યાનમાં મુકેલી જોઇએ છીએ, જે બુરી શકતીનો સેવટનો પરાજય થયલો બતાવે છે. એ તળવારો હુંમેશ બળતા આતશના ઝળકાટથી ચાલુ ચમચમીઆ કરે છે. અવારનવાર પવીત્ર ઘંટ વાગે છે, અને અહુરની કીર્તી તથા એહેરેમનની પડતી જાહેર કરે છે. દાઘ વગરનાં સફેદ કપડાં, જે સ્વર્ગની પરહેજગારીની નીશાની છે, તે પેહેરીને મોબેદ ઘંટ વગાડે છે, અને તેનો શરોદ અંધારા ગુંબજમાંથી ઉપર અને ઉપર ચહડે છે. તેનો અનદીઠ પડઘા જે ફકત આતમાજ સાંભળી શકે છે તે દરેક તંતુને તેજ બનાવે છે, અંતઃક-

રણુ ઉપર અસર થાય છે અને ધીમે ધીમે અનંત ખુદરતનો ભેદ આપણી સનમુખ ખુલ્લો થાય છે. એ રીતે લાગણી, નજર અને આતમા એ સઘળું ગંભીર મનન કરવામાં મશગુલ થઇ જાય છે ત્યારે ઉપરનાં બલુ આસમાન ઉપરથી નાની ખોદાઇ રોશની ગુંબજનાં છાપરામાંથી અંદર દાખલ થતી આપણુને માલમ પડે છે. તે ખુદરતના અનંત પ્રદેશમાં છટકી જવા માટેની અને આશાની બારી છે, એમ સર્વ મહાન ચીતારાઓ ચીતારી ગયા છે.

પ્રકરણ ૪ થું.

આતશનાં સ્વરૂપો.

સઘળા મોટા ધર્મોનાં ચીનહો કરતાં પવીત્ર આતશ ઇશ્વરની હસ્તી વધુ ખુલ્લી રીતે અને આપણી નજરની વધુ નજદીક લાવીને આપણુને કેવી રીતે બતાવે છે તે આપણે તપાસ્યે તે આગમજ આપણાં પવીત્ર ચીનહનાં જુદાં જુદાં સ્વરૂપો હું અત્રે વરણવીશ, અને એવું બતાવી આપવાની તજવીજ કરીશ કે ફકત બળતુંજ નહીં પણ તેનાં જુદાં જુદાં સઘળાં સ્વરૂપો આપણુને ઉંચે તે કીરતારની પવીત્ર હાજરીમાં ઉંચકી લઇ જાય છે.

આતશનાં સર્વ સ્વરૂપો નીચે મુજબ છેઃ—

૧. આતશની હંમેશા આકાશ ભણી જવાની વળણુ.

૨. ધુમાડાના ઉપર ચહડતા ગોટાઓ.

૩. ચીંગારીઓ.

૪. રોશની.

૫. એકત્ર થવાની વળણ.

૬. બેશુમાર વાંકો.

૭. દરેક ફીરણનું ઘેરા લાલ રંગનું તાજ.

૮. રંગ.

૯. બળતું અને બળી ગયલું લાકડું.

૧૦. રાખનું પડ.

૧૧. તેનો કાયદો અને તેનો અનુક્રમ.

૧૨. તેની ઇંદ્રજાલ.

૧૩. તેનો તડતડાટ.

૧૪. તેની પવીત્રાઇ.

૧૫. તેનો ચાલુ ફેરફાર.

૧૬. તેના ઉડતા સુંદર તારાઓ તથા "ક્રેસેંટો". (બીજના ચાંદનો આકાર)

૧૭. તેની ઝડપ.

૧૮. તેની ખુબસુરતી.

૧૯. તેની અમ્મર જુવાની.

૨૦. તેના નીતીના પાઠો.

૨૧. સઘળો કચરો પુંજો અને ગલીચી નાશ કરવાનો તેનો ખુદરતી ગુણ.

૨૨. ભુત તથા વર્તમાનકાળને જોડનારી તે સાંકળ છે.

૨૩ તે સદા રોશન છે.

૨૪. તેનાં દબલ ગુણો.

૨૫. તે ખુદ ખોદાનું ચીન્હ છે.

હવે આતશ તરફ જોતાં બંદગી કરનારનું જે પેહેલી ચીજ ધયાન ખેંચશે તે તેની નીત્ય ઉપર ચહડવાની વળણ છે. સઘળાં તત્વો ગુરૂત્વાકર્ષણ (gravitation)ના કાયદાને મકકમ રીતે શરણ થાય છે, અને પૃથ્વી ભણી ખેંચાય છે, જયારે એકલો આતશજ

એવું તત્વ છે કે જે એ કાયદાને ગણકારતો નથી અને આકાશ ભણી ચહડે છે. એ રીતે સઘળાં દુનયાઇ ખેંચાણોપરથી બંદગી કરનારનું મન તુરતજ ઉઠી જાય છે, અને એકલું આકાશ તેની નજર સનમુખ ફરી વળે છે. આતશની સાથે જે બીજી ચીજ જોડાયલી તેના જોવામાં આવશે તે ધુમાડો છે, જે આકાશના રંગને કાંઇક મળતા તેના ભુરા બલુ રંગ સાથે ગોટાનાં રૂપમાં આકાશ ભણી ચહડે છે. એ રીતે આતશનાં ફકત એ બેજ સ્વરૂપો, કીરણો અને ધુમાડો બંદગી કરનારને તેનું પેહેલું આત્મીક ખયાલ આપવાને પુરતાં છે. હવે ફકત આતશ ઉપરજ તેણે પોતાનું સઘળું ધખ ધ્યાન રોકેલું હોવાથી તેને બાહેરનું પડ ધીમે ધીમે તેની અંદરનું અગત્યનું તત્વ ખુલ્લું કરતું માલમ પડે છે. આતશનાં

જુદાં જુદાં કીરણો ચોમેર પંઠરાવાને બદલે એકત્ર થવાની વલણ ધરાવતાં તેને માલમ પડે છે, અને ચોતરફથી તેઓ ભાઇચારાથી બાઝી જઇને સામતાં મળટાં જણાય છે. તુરતનાં સલગેલા નાના મોટા તણખા અથવા પુરાં બાહારમાં સળગેલાં બળતાં પોતા વચેનો ફરક ભુલી જતાં અને ખોદાઇ અઇકયતામાં એકત્ર થતાં જણાય છે. એ રીતે આપણા પેગમબર અશો જરથોશતે સઘળાં જુદી જુદી પંકતીના તત્વોને ઇશ્વરને એકજ સામાન્ય હેતુ માટે જઇ મળવા સારૂ પવીત્ર રીતે એકત્ર થતાં જોયલાં હોવાં જોઇએ.

એ કીરણો ઉપર વધુ બારીકીથી મનન કરતાં તેઓ સીધી લીટીમાં નહીં પણ ચઢ ઉતરના ઘણા બારીક વાંકો લેતાં માલમ પડશે. વાંકવાળી લાઇનો હંમેશા અનંતતા, જુવાની, ખુબસુરતી અને નમ્રતા દરશાવે છે, જયારે

સીધી લીટીઓ દરેક મહાન ચીતારાઓના ચીત્રમાં દમ વીનાની હદ બતાવે છે.

વધુ ઉંડાણમાં જઇને કીરણોના ખુદ આતમાની અંદર ઉતરો, અને તમોને દરેક કીરણ ઘેરા લાલ રંગના મુગટ સાથનું જણાશે. હંમેશાં રંગથી માણસ જાત ઉપર અસર થયા વીના કદી રેહેતી નથી. હવે કીરણોનાં મુગટનો રંગ ઘેરો રાતો છે, અને કવી મીલટન મુજબ પ્યારનો રંગ પણ "આકાશી લાલ" છે.

મીલટને પ્યારને "આકાશી–લાલ" રંગનો કાંઇ ફોકટનો ચીતારયો નથી. જુવાન નીરદોષ આશકોના પ્રેમના જુસ્સાથી તેમના ગાલ ઉપર ગોલાબી–લાલ રંગનો છાપ પડે છે તે એ કવીએ અનુભવેલો હોવો જોઇએ, અને તે આકાશી જોડાણ માટે ઇશ્વરના આશીરવાદનીજ જાણે ખોટી હોય તેવો ખ્યાલ તેને આવેલો હોવો

જોઇયે, તેમજ વળી એક ગરીબ ભુખો જીવ જે એક રોટીના ટુકડા માટે ટળવળતો હોય તેને જયારે તે ટુકડો મલે છે ત્યારે તે આપનાર તરફ આભાર તથા પ્યારની લાગણી બતાવવા માટે આશીશથી તેનું મોહડું લાલચોળ રંગ પકડે છે તે પણ એ કવીએ ધ્યાનથી તપાસેલું હોવું જોઇયે. અહીં પ્યારને અલબતાં હદ વગરનો અનંત પ્યાર સમજવો જોઇએ. તેની અંદર કુટુંબ અને મીત્રો, કોમ અને દેશ, શતરૂ, તમામ માણસ જાત અને ઇશ્વર માટેનો પ્યાર સમાઇ જાય છે. પ્યારનો ઉંચામાં ઉંચો અર્થ ખોદા થાય છે.

આતશ ઉપર સેહેજ વધુ મનન કરતાં બંદગી કરનારને ચીણગારીઓ બાહેર નીકળતી માલમ પડે છે, જેઓની ઝળકતી હસ્તી નીકળતાંની સાથ નાબુદ થાય છે. પણ કારલાઇલ જણાવે છે કે આપણે “ ઇશ્વરના

આકાશી સુક્ષમ વાયુમાં તરતી હલકી ચીણ-
ગારીઓ સમાન છીએ." અહીં એ લીટીમાં
ભારે અનંતતા ખુલ્લી થાય છે. પહેલાં તો
"આપણે **છીએ**" એટલે કે આપણી જીંદગી
કાંઇ એક સ્વપનો નથી, પણ ખરેખર ખુલ્લી
રીતની હસ્તી ધરાવે છે. બીજું તો આપણે
"હલકી" ચીણગારીઓ છીએ. આપણે
એટલી બધી હલકી ચીણગારીઓ સમાન છીયે
કે આપણું કાંઈ પણ વજન અથવા કીંમત નથી
યાને નહી જણાયલાં ઉંડાણમાંથી બાહેર પડતી
અદભુત શકતીઓની દયા ઉપર આપણે તદન
છીએ. તે કીરતાર સનમુખ આપણે છેકજ
નજીવી ચીણગારીઓ છીએ, જે "ઈશ્વરના
આકાશી સુક્ષ્મ વાયુમાં **તરે** છે." એટલે આપણો
પાયો કાંઇ સંગીન નથી, પણ પવનના પ્રવાહમાં
આપણે ફકત આમતામ ગોટાં ખાઈએ છીએ.
"આકાશી સુક્ષમ વાયુ" એ શબદોપર વળી
નજર કરો. માણસ કાંઇ ડુકરની માફક જીંદગી

ગુજારવા માટે સરજાયલો નથી, પણ તેણે પોતાને વધારે પાકી દરજ્જે ચહડાવવાનો છે, અને તેણે વધુ આત્મીક વાતાવરણમાં યાને "ઇશ્વરના આકાશી સુક્ષમ વાયુ" માં પોતાનું રહેઠાણ બનાવવાનું છે. "ઇશ્વરનો આકાશી સુક્ષમ વાયુ" બીજાં કોઇ પણ દુનયાઇ પ્રાણી કરતાં માણસને તેના ખુદાની વધુ નજદીક આણે છે. છેલ્લે, જો આપણે ઇશ્વરના આકાશી સુક્ષમ વાયુમાં ગોટાં ખાતી ખાલી ચીણગારીઓ હોઇએ તો ઇશ્વર પોતે ખુદ આતશજ હોવોજ જોઇયે. ચીણગારીઓ માત્ર આતશમાંથીજ બહાર પડે છે અને આપણે જો ચીણગારીઓ હોઇએ તો ઇશ્વર આતશજ હોવો જોઇએ. ચીણગારીઓ નીતીનો જે પાઠ શીખવે છે તે એ છે.

આતશનાં ઉંડાણમાં એટલી હદ સુધી ઉતરવાથી બંદગી કરનાર પોતાને આત-

શની **રોશનીમાં** વીંટલાયલો જોય છે, અને રોશનીજ ખુદ ખોદા છે એમ તેના આત્મામાં પડઘા સમજાય છે.* સુખડનો તડતડાટ તે સાંભળે છે અને બુરી શકતીને હાંકી કાહાડવા માટે પોતાની આંગળીઓ વતી તચાકડી ફોડનારા પોતાના ભાઇબંધ બંદગી કરનારનાં એવાં કામમાં તે સુખડના તડતડાટ સાથે મળતાપણું જોય છે. તેનું ચીત હવે પુશકળ એકાગ્ર થાય છે અને સમાધીનું રૂપ લે છે. તે હવે એક પગઠ્યું વધુ ઉંચે ચહડ્યો છે. બળતા આતશના ઝળકાત ઉપર રાખનું પાતળું પડ ફરી વળેલું તે જોય છે. એમાં એ આતશે પોતાની ફરજ બજાવેલી જોય છે, અને તે આતશ હવે પોતાની રોશની તથા ગરમી ગુમાવતો માલમ પડે છે. બંદગી કરનાર આતશમાં ઉંચામાં

* ખોદાજ રોશની છે, અને તેનામાં અંધકાર છેજ નહીં—"સ્ક્રીપચરસ."

ઉંચા પ્રકારનો કાયદો, સચાઇ અને ખુબસુરતી સમાયલી જોય છે, ગંભીરાઇથી તેની સનમુખ ગુટણુ મરડયે પડીને યાચના કરે છે, સઘળી ચીજોના બનાવનાર સનમુખ પોતે કેટલો બધો નજીવો છે તેની તેને સમજ પડે છે, અને ઘટતાં માન સાથે પવીત્ર આતશની રાખમાં તે પોતાની આંગળી બોળે છે, અને તે વતી કપાળપર તીલી કરે છે કે જયાં તેના આત્માની બેઠક છે. તેના વડાઓ જે આતશને ઇરાનથી લાવયા હતા તેને તે તેણે પોતે ચહડાવેલું તેમજ ભવીશમાં ચહડાવવામાં આવનારૂં સુખડ બાળતો પોતાની ભીતરની આંખવતી જોય છે, અને તેને પોતાનો ભુતકાળ, વર્તમાનકાળ તથા ભવીષ્યકાળ નહીં છુટો પાડી શકાય તેવી રીતે પવીત્ર આતશની આત્મીક સાંકળવતી જોડાયલો માલમ પડે છે, અને એ રીતે તેનો ધર્મ તેની અંદર વધુ ઉંડી જડ ઘાલે છે.

સઘળાં તત્વોમાંનાં એ સઉથી પવીત્ર તત્વને જરથોસ્તનો ચેલો તેને નમે અને માન આપે તે આગમજ તેને કેટલી કસોટીઓ-માંથી પસાર થવું પડે છે. આતશ આદરાનો અને આતશબેહેરામોમાંનો પવીત્ર આતશ કાંઇ આપણા ચુલાઓમાં બળતો સાધારણ આતશ નથી. તે કેટલીક ક્રીયાઓમાંથી પસાર થયલો આતશ છે. આતશબેહેરામમાં જુદી જુદી જગાએથી આતશો લાવવામાં આવે છે અને જુદાં જુદાં વાસણોમાં રાખ-વામાં આવે છે. “વીજળીથી સળગેલો આતશ મેળવવાની વળી મોટી કોશેષો કર-વામાં આવે છે. એ આતશો માંહેલા એક પર ધાતુની આંધરાંવાળી એક ચમચ ધર-વામાં આવે છે. એ ચમચપર સુગંધી સુખડની નાની સળીઓ અને વેહેર મુકવામાં આવે છે. એ સળીઓ અને વેહેર નીચેના આતશની ગરમીથી સળગાવવામાં આવે છે.

આંધરાંવાળી ચમચ નીચેના આતશને નહી લાગે તેની સંભાળ રાખવામાં આવે છે. તે પછી પહેલા આતશમાંથી નવો આતશ ઉતપન કરવામાં આવે છે. તે પછી નવા આતશમાંથી એજ રીતે બીજો આતશ ઉતપન કરવામાં આવે છે."* એ રીતે નવ વખત ફરી ફરીથી કરવામાં આવે છે, અને તે પછી આખરે આતશ પવીત્ર થયલો લેખવામાં આવે છે. ત્યારે જો આતશ જેવું આવું એક તત્વ જે ઈશ્વરની સંપુર્ણતા અને ખુદરતને સંપુર્ણ રીતે મળતું આવે છે તેને તેનાં તેજ, વ્યવહારો, ઉપયોગીપણાં, પવીત્રાઈ, અને અપવીત્ર નહીં થઈ શકવાના ગુણ છતાં તદન પવીત્ર લેખવામાં આવે તે આગમજ તેની અપવીત્રાઇમાંથી નવ વખત મુકત કરવાની જરૂર પડે છે, તો માણસ કે જે "અધરમી અને પાપી જનમેલો છે" તે સદગુણી અને

*કરાકાની 'પારસીઓની તવારીખ,' દફતર ૨ જું, પાને ૨૧૧-૧૪.

પાક હોવાનો દાવો કરી શકે તે આગમજ તેને પોતાને પવીત્ર કરવાની કેટલી બધી જરૂર છે? આપણા ધર્મના પવીત્ર ચીન્હ મારફતે આપણે આવી રીતે નમ્રતાનો એ મોટો પાઠ શીખયે છીએ.

વળી આતશમાં ચાલુ ફેરફારનો આખો કાયદો અને નીયમ સમાયલો છે. દુનયામાં એવું કાંઇબી નથી કે જેમાં સદા ફેરફાર થતા નહી હોય. આ ફાની દુનયાથી આત્મીક દુનયા, જવાનીથી ઘડપણ, મોત અને તે પછીની નવી જીંદગી સુધી આપણે પોતાને હંમેશના ફેરફારનાં ગબડતાં પઇડાં ઉપર સીકડાયલા જોઇએ છીએ. ઇશવરના પુંજારીને ફેરફારના મોટા અચળ કાયદાની આતશ હંમેશાં યાદ આપે છે. પોતાની ખાસયત બદલયા વગર તે લાકડામાંથી ધુમાડામાં, ચીંગારીમાં, આતશમાં અને રાખમાં એમ ચાલુ બદલાયા કરે છે. આતશમાં સદા ફેરફાર થયા કરે છે પણ

આતશની પ્રકુતીમાં કદી ફેરફાર થતો નથી, તેથી આતશ **અમ્મર** લેખાય છે.

ઇશવરનાં ભગતને હવે નવી આત્મીક દુનયાનો ખ્યાલ આવે છે, અને તેને અપારપણાનો ઉંડો ખયાલ આવે છે. ઉત્તમ ઝળકાત અને તેજસ્વી રોશનીથી ભરપુર એ બળતા આતશના આખા ઢગલામાં બંદગી કરનાર બળતું લાકડું બળતા કોલસા જેવા કાળા રંગ સાથે જોગ છે. એ રીતે આતશમાં તે સામસામા ગુણોનો મહાન કાયદો દેખે છે. અંધારાં સાથે રોશની ભેળાયલી, અને બદી સાથે નેકીનું મીશ્ર થયલું જોય છે. ચીતારાઓ અને કવીઓ બદીને કાળા રંગથી ઓળખે છે ને નેકીને સદા ઉજળી ગનકારે છે. આતશના ચીત બેહદ એકાગ્ર કરીને વીચારમાં લીન થવાની પળે તે કાળું લાકડું ધીમે ધીમે બળી જતું અને ઝળકતાં રાતાં બળી ગયલાં લાકડાંને સફેદ

રાખનાં પડ સાથે તેની જગયા લેતું જોય છે. અંધારાંને રોશની એ રીતે સેવટનું દુર કરે છે, અને બદી ઉપર નેકી સેવટની જીત મેળવે છે. એ રીતે પ્રકટીકરણના તબકકામાં આપણે જોઇએ છીએ કે માણસ જેમ જેમ વધુ ઉંચા તબકકા ઉપર ચહડતો જાય છે તેમ તેમ તેનું અધુરાપણું અને પાપો ઓછાં થતાં જાય છે, અને આખરે કોઇ દુરનાં ભવીષ્યમાં સત્ય, નીતી અને ધામીંકપણાના સુખવાસી હજારામાં તે દાખલ થાય છે કે જેનું જરથોશત સાહેબે પોતે ભાર મુકીને યસ્ન ૩૪ માં ભવીષ્ય વર્તેલું છે.

વળી "પતેત ઇરાની" માં જરથોસત ખુલ્લા શબદોમાં એ હજારા વીશે ભવીષય ભાખે છે. "ભલી મજદીયસની દીનની હસ્તી ઉપર મને સંપુરણ ઇતબાર છે, અને હું બેગુમાન માંનું છું કે બીલકુલ પાપ વીનાની

દુન્યા આવશે, ચીનવદપુલ ઓળંગવામાં આવશે, ભલાં કામોનો બદલો અને ઇનામ તથા બુરાં કામોનો બદલો અને તેની સજા ખચીતજ મળશે, તેમજ બેહેસ્ત ચાલુ રેહેશે, દોજખ, એહરેમન તંથા દેવોનો નાશ થશે, ખોદા અહુર-મઝદ આખરે ફતેહમંદ ઉતરશે અને એહ-રેમન, દેવો તથા બુરાઇના ફણગાઓ સાથે માર્યો જશે.”

પવીત્ર મનથી આતશનાં કીરણો ઉપર મનન કરવાનો મીજલસને આગ્રહ કીધા પછી જરથોસ્ત જયારે એવું બોલ્યા કે “શરૂઆતમાં એક જોડે જનમેલું જોડકું હતું.........તેઓ વીચાર, શબ્દ અને કામમાં નેક તથા બુરા છે. એ બે આતમાઓમાંથી એક પસંદ કરો ભલા થાઓ અને બુરા થતા ના.” ત્યારે જરથો-સ્ત સાહેબનાં મનમાં શું હતું તે આ ઉપરથી

ખુલ્લું થાય છે. યાદ રાખજો કે હેવાનની મજાહની ભુખમાંથી માણસ હજી તો હમણાજ છુટો થાય છે, તેની અંદર હજી બુરાઈનો દેવ છે, જેનો ધીમે ધીમે નાશ કરવાની જરૂર છે; અગણીત વરસોમાંથી આપણને હજી પસાર થવાનું હશે, પણ દુખ અને પાપ વીનાની દુન્યા બચીતજ આવશે, અને સંપુરણ બહેસતનો દુરનો સ્વપનો બચીતજ પાર પડશે. એ રીતે તે મહાત્માએ બળતામાં બુરાઈ નાબુદ થયલી અને ભલાઈ અમર બનેલી જોયલી હોવી જોઈએ. **આતશ એ રીતે મુગે મોહડે અહુરની ફતેહ અને એહરેમનની પડતી જાહેર કરે છે."**

દીનકર્દના ૧૧ માં વોલયુમમાં આપણે જોઈએ છીએ કે તેઓએ આ પ્રમાણે વીચાર કીધો:—"એહરેમનને એ રીતે દુનયામાંથી ઉખેડી કાહાડવો જોઈએ; દરેક જણ

પોતાના ખાતર તેને પોતાનાં તનમાંથી બાહેર કાહાડશે, કારણ કે એહરેમનનું રેહઠાણ માણસોનાં તનોમાં છે. તેથી માણસોનાં તનોમાં તેનું જયારે રહેઠાણ છે ત્યારે તેને આખી દુનયામાંથી ઉખેડી કાહાડવામાં આવશે, કારણ કે આ દુનયામાં કોઇનાબી તનમાં જયાં સુધી દરૂજ વાસો કરશે ત્યાં સુધી એહરેમન દુનયામાં રહેશે."

હવે ઇશ્વરના ભકતની નજર સનમુખ પરદાઓ પછી પરદાઓ ઉંચકાય છે, અને આતશનાં સઘળાં કીરણોને તે સુંદર રીતે બીજના ચંદરમાની આકૃતીમાં વેહેંચાઈ જતાં જોય છે, જેઓના બંને છેડા આકાશ ભણી હોય છે. બળતું એવું ઝડપથી આગળ વધે છે અને હું ધારૂં છું કે પવન, પાણી અને બીજાં સઘળાં તત્વો કરતાં તે વધુ ઝડપી છે, કારણકે જરથોસ્ત સાહેબ પોતે તેને "સઉથી વધુ ઝડપી" જણાવે છે;

બંદગી કરનારો ઈશ્વરનો ભકત, લાલ તાજ સાથનાં કીરણોને સીતારા જેવા ઝળકતા બીજના ચાંદની આકરૂતીવાળા વાંકોમાં સુંદર રીતે વેહેંચાઇ જતાં જોઇ શકે તે આગમજ પવીત્ર કીરણો પર ચીત તદ્દન એકાગ્ર કરવાની જરૂર છે. હવે આપણે જાણીએ છીએ કે બીજનો ચાંદ આશાનું મોટું ચીન્હ છે, અને સઘળાં કીરણોના છેડા "ક્રેસેંટોની" એક સુંદર હાર છે, કે જેમાંથી નીતીના એવા ઉંચા પાઠોના પ્રકાશીત તારાઓ બાહેર પડે છે અને પોતાની પછવાડે અમર આશા ને પમરાતનો છાપ મુકી જઇને ગુમ થાય છે. હવે તેનું ચીત એવું એકાગ્ર થઇ જાય છે કે તે પોતાને ભુલી જાય છે, અને તે પછી જે ખુદાઇ સુલેહ શાંતી પંથરાઇ રહે છે તેમાં તેને પોતાને ચહડતામાં ચહડતી ખુશાલીમાં લીન થઈ ગયલો જોય છે. તેની

અંદર હવે ખુદાઈ ચીંગારી અસાધારણ તેજથી પ્રકાશે છે.

"આથરો અહુરે મઝદાઓ પુથ્ર તવ આતરશ પુથ્ર અહુરમઝદાઓ."* અહીં આપણા ધર્મની સઉથી મોતેબર ફીલસુફી ખુલ્લી થાય છે. "આતશ પવીત્ર કરનાર છે, આતશ ખોદાનો **પુત્ર** છે." આતશ પોતે ખોદા નથી, કારણ કે તે અનદીઠ અને અપરીચીત છે. જે પવીત્ર આતશ આપણે જોઈએ છીએ તે ફક્ત ખોદાઈ આતશનું એક પ્રતીબીંબ છે, કે જે અવલ આતશ આપણી અંદર તેમજ દરેક ઠેકાણે છે તેને લીધે આપણે સર્વે જીવયે છીએ, હીલચાલ કર્યે છીએ, અને હસ્તી ભોગવીએ છીએ. અંસલ આતશે ગતી પેદા કીધી હતી અને ગતી વગર આ જગત હસ્તીમાં હતે નહીં. વળી પેગંમબર કાઇસ્તે જયારે કહયું કે તે

* આતશ નીયાએશ.

"ખોદાનો પુત્ર" હતો ત્યારે તે તદન ખરો હતો, કારણકે જે ખુદાઈ ચીંગારી તેનામાં હતી તે ખોદાના અસલ આતશમાંની હતી. ખરા ખોદાનો ખ્યાલ ખાકી માણસને કદી આવી શકે નહી. માણસનાં મનમાં તેનો સઉથી નજદીકનો ખયાલ લાવનાર આપણું આતશનું ચીન્હ છે જે એકલુંજ માણસાઇ જ્ઞાનને અનંત ખોદાનો કાંઇક ઝાંખો ખ્યાલ આપી શકે છે. આયંદે ઇશ્વરના ભકતનો આત્મા સમાધીમાં એવો તો લીન થઇ જાય છે કે આતશને તેનાં સઘળાં ભઉતીક સ્વરૂપમાંથી તે મુકત થયલો જોય છે, અને એ આતશમાં તે ખુદ ખોદા નહી પણ તે ખુદાઇ હસ્તીનું ફકત પ્રતીબીંબ જોય છે કે જે ખુદાઇ હસ્તી આપણી અકલની બાંધવામાં આવેલી હદને લીધે આપણે કદી પણ પુરેપુરી પીછાણી શકતા નથી, અને જેને આપણે બીજાં કોઇ પણ

નામની ગેરહાજરીમાં "આતશ" એવું નામ આપયે છીએ.

બંદગી કરનારો ઈશ્વરનો ભકત તુરતજ પગે પડે છે, સઘળી નયામતોના બક્ષનાર આગળ પોતે કેવો નાચીઝ છે તે વીષે તે ખાત્રીપુર્વક બને છે, અને અશો સ્પીતમ જરથોસ્તનો પાડ માને છે, જેણે આપણને ખુદાઇ જ્ઞાન આપ્યું છે.*

દીનકરદમાં લખેલું છે કે "અને જયારે કોઇબી માણસ રાત્રીના ત્રીજા ભાગ દરમયાન આતશ અંદર બળતો રાખે છે, ત્યારે સઘળી બુરી શકતીઓ તેથી દરેક ઠેકાણે નાબુદ થાય છે." (૨) અને જયાં સુધી આતશ બળતો રહે છે, ત્યાં સુધી દરેક ઠેકાણે તે આતશ અંધકારની સામો થાય છે, તેનો તદન નાશ કરે છે, અને તેની હસ્તી નાબુદ કરે છે.

* એરવદ મસાનીની "જરથોસ્તી ધર્મ ક્રીયા."

(૩) તેથી વળી આત્મીક દુનયામાં કોઇનેબી અંધકાર તોડવા અને તેને નાબુદ કરવા માટે મદદ મળે છે. (૪) અને તે રોશની કે જે અંધકાર નાબુદ કરે છે તે ઉપર આત્મીક દુનયામાં ચહડે છે, અને માણસના આત્માને રોશન તથા સુખી કરે છે."

આપણે જાણીએ છીએ તેમ આતશ તવારીખની શરૂઆતથી પવીત્ર લેખાતો આવયો છે. પુરાણા કાળમાં આતશને પવીત્ર લેખનારા કાંઈ આપણા શુરવીર બાપદાદાઓ એકલાજ હતા નહી, પણ છેક પુરાણા કાળથી ઘણી પ્રજાઓએ આતશને પવીત્ર લેખ્યો છે. ઇજીપશયનો પોતાનાં દરેક મંદીરમાં આતશ રાત દીવસ બળતો રાખતા હતા. ગ્રીકો અને રોમનો પણ એજ મીસાલ પોતાનાં સઘળાં શહેરો તથા ગામડાંઓમાં આતશ બળતો રાખતા

હતા. મેક્ષીકનો અને પીરૂવીઅનો પોતાના "પ્રજાકીય આતશ" ને મોટા પીરેમીડોપર બળતો રાખતા હતા. કેહેવાતી "નીરંતર બળતી બતીઓ" જે કેટલાંક બાઇઝેનટાઇન તથા કેથોલીક દેવળોમાં જોવામાં આવે છે, તે આતશે માણસના જીગર અને કલપનામાં હંમેશાં જે ઘર ઘાલ્યું છે તેનો વધુ પુરાવો છે. રોમ મધેની સર્વથી પવીત્ર જગયા "Regia" તરીકે ઓળખાતી હતી, જેની ઉપર વેસતાનું દેવળ હતું જયાં પવીત્ર આતશ રાત દીવસ બળતો હતો. કોઇબી ગ્રીક અથવા રોમન એક આતશની મશાળ સાથે લીધા વગર સરહદ ઓળંગતો હતો નહીં કે જે મશાળપર આતશ રાત દીવસ રોશન રહેતો હતો. અસલી ગ્રીસમાં ખરેખર તો દરેક ચુલો એક કેબળા બરાબરનો હતો.* પુરાણા

* Wadia's Message of Zoroaster.

વેદાંતમાં પણ શીખવ્યું છે કે **અગનીદેવ** ઉત્પતીનું મુળ છે.

(અગની! ઓ તું દેવ, જે દોલત મેળવવાના સઘળા હુન્નરો જાણે છે તે તું અમોને સારાં નસીબ મારફતે દોલત બક્ષ! જે તકસીરો માટે તું અમારી સાથે ગુસ્સે થયો છે તે સઘળા તકસીરોમાંથી અમોને મુકત કર. તારી પુંજા માટે એક સઉથી સરસ ભજણ અમો તારે માટે તઇયાર કરીશું.)–**રીગવેદ.**

પ્રકરણ ૫ મું.

ગુપ્ત વિદ્યા.

ગુપ્ત વિદ્યા અને ધર્મનાં રહસ્યોમાં ઇશ્વરને હમેશાં અગ્ની તરીકે જણાવેલો છે. અધ્યાત્મીક દુન્યાપર અમલ ચલાવતા દેવોનાં નામોમાં અગ્ની, વરૂણ, વિગેરે દેવોનાં નામો આપણને નજરે પડે છે. હીંદના ધાર્મીક મહાપુરૂષોમાં સૌથી મહાન ગણાતા શંકરાચાર્ય જણાવે છે કે અગ્ની એક એવો દેવ છે, જે વખત ઉપર સતા ચલાવે છે. ઇશ્વરને આપણે એક ધકધકતા અગ્નીના રૂપમાં પણ જોઇએ છીએ. વીશ્નુ ભગવાન પોતાના છેલ્લા અવતારમાં કલ્કી રૂપે સફેદ ઘોડા ઉપર અગ્નીમાંથી ઉત્પન થશે એમ જણાવવામાં આવ્યું છે. આત્મીક વિદ્યામાં અગ્નીને સૌથી સ્વચ્છ 'ઇથર' તરીકે જણાવેલો છે. આ ગુપ્ત ધર્મમાં

એ જાતના અગ્ની જણાવેલા છે. એક અણદીઠ અગ્ની જે અધ્યાત્મીક સૂર્યમાં રહેલો છે, અને બીજો આપણા સૂર્ય અને દુનીયામાં દેખાતો દૃશ્ય અગ્ની છે. બ્રહ્મને પણ અગ્ની–દેવ તરીકે ગણવામાં આવ્યો છે, અને હીંદુ ધર્મમાં અગ્નીને એક પ્રકાશીત દેવ તરીકે જણાવેલો છે, કે જેમાંથી સહસ્ર ઝળઝળીત કીરણોનો પ્રકાશ પડે છે અને જેનાં માનમાં કેટલાક બ્રાહ્મણો હાલ પણ અગ્નીને આખો વખત પ્રજવલીત રાખે છે.*

* "Secret Doctrines" by Madame Blavetsky.

પ્રકરણ ૬ ઠું.

આતશનો ચીતાર.

આતશનાં જુદાં જુદાં સઘળાં તત્વોનો બરાબર ખ્યાલ આપે તેવું આતશનું ચીત્ર પાડવાનું મારા ધારવા પ્રમાણે નહી બની શકે તેવું છે. મહાન રસકીને જે ઉગતાં પાતરાં ચીતારવાની મુશકેળીઓ લખેલી છે તે મુશકેલીઓ સાથે આતશના આત્મીક ભેદભરમોનો ખયાલ કરો, અને તેનું ચીત્ર પાડવાનું કામ અઠંગ ચીતારા માટે પણ ખચીતજ મુશ્કેલ લાગશે. આતશનું દરેક સ્વરૂપ બારીકીથી જોડાઇ અને ભેળાઇ ગયલું છે. તેની સંપુર્ણ અકયતામાં તરેહવાર પ્રકારની વીચીત્રતા માલમ પડે છે. તેના કીરણ ઉપર તમો નજર દોડાવો અને તેનો ધુમાડો તમારી નજર આગળથી ગુમ

થઇ જશે. ધુમાડા ઉપર નજર કરો અને ચીણગારી ગુમ જઇ થશે. ચીણગારી ઉપર નજર કરો, અને રંગ ગુમ થઇ જશે. રંગ ઉપર નજર દોડાવો અને તેની રોશની નાબુદ થઇ જશે. રોશની ઉપર નેગાહ કરો, અને તેની હુસતી તથા આત્મા નાબુદ થશે. તેની ચપળતા અને જુવાની તથા આતમા ઉપર નજર કરો, અને તેની સચાઇ તથા તેનો નીતીનો પાઠ ભુલાઇ જશે. તેની સચાઇ ઉપર અને તે જે નીતીનો પાઠ શીખવે છે તે ઉપર મનન કરો, અને તમોને સઘળું ભયભીત રીતે ગુંચવાઇ ગયલું માલમ પડશે. એ રીતે મહાન ઉસતાદ ચીતારાઓ જેઓ સઘળી ચીજોનાં ભીતરમાં બારીકીથી ઉતરેલા હતા અને જેઓની લાયકાત હદ વગરની હતી, તેઓએ વટીક તદન નાસીપાસ થઇને આતશને ચીતારવાની કોશેશ છોડી દીધેલી જણાય છે.

આપણો પવીત્ર આતશ જેને અશો જરથોશતે પોતાનાં મોટાં ડાહાપણથી સઉથી ઉંચી કીસમનો અને સઉથી પવીત્ર ચીનહ તરીકે ધાર્યો હતો અને જેને ચીનહ તરીકે ગ્રહણ કરવા માટે તેણે સઉથી વધુ લાયક ધાર્યો હતો તેનાં સ્વરૂપો આવાં છે. અને આપણે જયારે તેની મારફતે સઘળી ચીજોના તે મહાન બનાવનારને નમન કર્યે છીએ ત્યારે આપણે યાદ રાખવું જોઇએ કે એવાં એક ચીનહની મદદથી આપણે તે અનંત ઇશ્વરની પ્રાર્થના કર્યે છીએ કે જે પવીત્ર, સઘળી ચીજોને શુધ્ધ કરનારા અને દેહેશત તથા માન ઉતપન કરનારાં ચીનહમાં તે મહાન ઇશ્વરનો અંશ દરેક રીતે સમાયલો છે.

આપણા

પવીત્ર આતશ.

જ. દા. શરાફ.